# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03-03-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1) બજેટ બાદના વેબિનારને સંબોધતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું - ભારત મજબૂત અર્થવ્યવસ્થા સાથે વિશ્વ માટે આશાનું કિરણ બની રહ્યું છે

2) પ્રધાનમંત્રી આજે યુટ્યુબ પર 30 મિલિયન સબ્સ્ક્રાઇબરનું મહત્વપૂર્ણ સીમાચિહ્ન પાર કરી સૌથી વધુ ફોલોઅર્સ ધરાવતાં વિશ્વ નેતા બન્યાં

3) પશ્ચિમ એશિયા ક્ષેત્રમાં વધતા તણાવ વચ્ચે વિદેશી જહાજોમાં સેવા આપતા ત્રણ ભારતીય નાવિકોના મોત

4) CBSEએ 5મી અને 6મી માર્ચે યોજાનારી ધોરણ 10 અને 12ની પરીક્ષાઓ મુલતવી રાખી

5) પાકિસ્તાનની કેટલીક ચોકીઓ કબજે કરી હોવાનો અફઘાનિસ્તાનનો દાવો

6) પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે તીવ્ર ઉછાળા બાદ આજે ક્રૂડ ઓઇલના ભાવ સ્થિર રહ્યા

...................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# PM MODI WEBINAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારત મજબૂત અર્થવ્યવસ્થા સાથે વિશ્વ માટે આશાનું કિરણ બની રહ્યું છે. "આર્થિક વિકાસને ટકાઉ અને મજબૂત બનાવવો" વિષયવસ્તુ પર અંદાજપત્ર પછીના વેબિનારને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સંબોધન કરતા શ્રી મોદીએ કહ્યું કે, આજે વિશ્વ વિશ્વસનીય અને સ્થિતિસ્થાપક ઉત્પાદન ભાગીદારોની શોધમાં છે. તેમણે કહ્યું કે, ભારત પાસે આ દિશામાં મુખ્ય ખેલાડી બનવાની તક છે. તેમણે પોતાના સંબોધનમા વધુમાં આ મુજબ જણાવ્યુ હતું.

બાઇટ - PM-ON-ECONOMIC-PILLAR

શ્રી મોદીએ કહ્યું કે, સરકારનો ઇરાદો અને સંકલ્પ વધુ નિર્માણ, વધુ ઉત્પાદન, વધુ જોડાણ અને વધુ નિકાસ કરવાનો છે. ભારતે ઘણા દેશો સાથે મુક્ત વેપાર કરાર કર્યા છે અને દેશ માટે વિશાળ તકોના દરવાજા ખુલ્યા છે.

પ્રધાનમંત્રી મોદીએ ઉદ્યોગોને સંશોધન અને વિકાસમાં રોકાણ વધારવા અને ગુણવત્તા પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે આહ્વાન કર્યું.

તેમણે કહ્યું કે, બજેટમાં બાયોફાર્મા શક્તિ મિશન માટે જોગવાઈઓ શામેલ છે, જેનો ઉદ્દેશ્ય ભારતને બાયોલોજિક્સ અને આગામી પેઢીના ઉપચાર માટે વૈશ્વિક કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાનો છે.

બાઇટ PM--BIOPHARMA--SHAKTI-MISSION

# PM-YOUTUBE SUBSCRIBERS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે યુટ્યુબ પર 30 મિલિયન સબ્સ્ક્રાઇબરનું મહત્વપૂર્ણ સીમાચિહ્ન પાર કર્યું છે અને પ્લેટફોર્મ પર સૌથી વધુ ફોલોઅર્સ ધરાવતા વિશ્વ નેતા તરીકે બન્યાં છે. શ્રી મોદી 2007 માં યુટ્યુબમાં જોડાયા હતા. રેન્કિંગ મુજબ, તેઓ આ શ્રેણીમાં અન્ય લોકો કરતા ઘણા આગળ છે.

બ્રાઝિલના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જેયર બોલ્સોનારા 6 મિલિયનથી વધુ સબ્સ્ક્રાઇબર્સ સાથે બીજા સ્થાને છે. યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની તુલનામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પાસે સાત ગણાથી વધુ સબ્સ્ક્રાઇબર છે.

# US - IRCG COMMAND

અમેરિકન સૈન્યએ શ્રેણીબદ્ધ કાર્યવાહી દરમિયાન ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સના કમાન્ડ અને કંટ્રોલ સેન્ટરો, ઈરાનની હવાઈ સંરક્ષણ ક્ષમતાઓ, મિસાઈલ અને ડ્રોન લોન્ચ સાઇટ્સ અને લશ્કરી હવાઈ મથકોનો નાશ કર્યો હોવાના અહેવાલ છે. અમેરિકાના સેન્ટ્રલ કમાન્ડે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે અમેરિકા ઈરાની શાસન દ્વારા ઉભા કરાયેલા ખતરા સામે નિર્ણાયક કાર્યવાહી કરવાનું ચાલુ રાખશે.

દરમિયાન, અત્યાર સુધીની  કાર્યવાહીમાં છ અમેરિકન સૈનિકોના મોત થયા છે.હાલમાં લશ્કરી કાર્યવાહી ચાલી રહી છે.

# INDIAN SEAFARERS KILLED

શિપિંગ મહાનિર્દેશાલયે જણાવ્યું છે કે પશ્ચિમ એશિયા ક્ષેત્રમાં વધતા તણાવ વચ્ચે વિદેશી ધ્વજવાળા જહાજોમાં સેવા આપતા ત્રણ ભારતીય નાવિકોના મોત થયા છે અને એક વ્યક્તિ ઘાયલ થયો છે. અધિકારીઓ તેમની સતત સલામતી, સુખાકારી અને સમયસર સહાય સુનિશ્ચિત કરવા માટે તમામ હિસ્સેદારો સાથે સઘન સંકલન કરી રહ્યા છે.

અસરગ્રસ્ત નાવિકો અને તેમના પરિવારોને તમામ જરૂરી સહાય, સહાય અને સુવિધા આપવામાં આવી રહી છે. આ ક્ષેત્રમાં રહેલા ભારતીય જહાજોને તકેદારી રાખવા માટે સૂચના આપવામાં આવી છે.

# UN CHIEF-GULF DIPLOMACY

સંયુક્તરાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે ઇરાન યુદ્ધના વૈશ્વિક આર્થિક પરિણામો પર ચિંતા વ્યક્ત કરતા ખાડી ક્ષેત્રના નેતાઓસાથે વાતચીત કરી. મહાસચિવના પ્રવક્તાએ જણાવ્યું કે સંયુક્ત રાષ્ટ્ર વર્તમાન સૈન્ય પ્રવૃત્તિઓના વિશ્વઅર્થતંત્ર પરના નકારાત્મક પ્રભાવોથી ચિંતિત છે.

પ્રવક્તાએ જણાવ્યું કે શ્રી ગુટેરેસે કતારના અમીર શેખ તમિમ બિન હમાદ અલથાની, ઓમાનના વિદેશમંત્રી અને છ સભ્યોની ખાડીના દેશોની સહયોગ પરિષદના રાજદૂત સાથે વાતચીત કરી હતી.

ઓમાનના વિદેશમંત્રી અલબુસૈદી સાથેની વાતચીત દરમિયાન, ગુટેરેસે ઈરાન અને અમેરિકા વચ્ચે મધ્યસ્થી પ્રયાસો બદલ ઓમાનનો આભાર માન્યો, અને ઈરાન વિરુદ્ધ હુમલાઓ અને ખાડી દેશો પર ઈરાની હુમલાઓની ટીકાનો પુનરોચ્ચાર કર્યો હતો.

# FRANCE-NECLEAR-DEPLOYMENT

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોને જાહેરાત કરી છે કે ફ્રાન્સ તેના પરમાણુ શસ્ત્રાગારમાં વધારો કરશે અને તેના પરમાણુ શસ્ત્રોથી સજ્જ વિમાનોને સાથી દેશોમાં અસ્થાયી રૂપે તૈનાત કરવાની મંજૂરી આપશે. શ્રી મેક્રોએ ફ્રાન્સના એટલાન્ટિક કિનારે ઇલે લોંગ્યુ લશ્કરી મથક પર આ મુજબ જણાવ્યું.

તેમના સંબોધનમાં, તેમણે સમજાવ્યું કે ફ્રેન્ચ પરમાણુ શસ્ત્રો યુરોપની સુરક્ષામાં કેવી રીતે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. યુરોપિયન નેતાઓ હાલમાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વધતા તણાવ અને યુક્રેન સામે રશિયાના ચાલી રહેલા વ્યાપક આક્રમણથી ચિંતિત છે. 2020 માં બ્રિટન EU છોડ્યા પછી ફ્રાન્સ યુરોપિયન યુનિયનમાં એકમાત્ર પરમાણુ શસ્ત્ર ધરાવતો દેશ છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# CBSE-EXAM ADVISORY

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન CBSE દ્વારા 5મી અને 6 મી માર્ચે યોજાનારી ધોરણ 10 અને 12ની પરીક્ષાઓ મુલતવી રાખવામાં આવી. નવી તારીખો પછીથી જાહેર કરવામાં આવશે.

બોર્ડે વિદ્યાર્થીઓ અને શાળાઓને જાણ કરી કે પશ્ચિમ એશિયા ક્ષેત્રમાં હાલની પરિસ્થિતિને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. બોર્ડ ગુરુવારે પરિસ્થિતિની વધુ સમીક્ષા કરશે અને આ મહિનાની 7મી તારીખથી યોજાનારી પરીક્ષાઓ અંગે યોગ્ય નિર્ણય લેશે.

# MAHA-ATS

મહારાષ્ટ્ર આતંકવાદ વિરોધી ટુકડી (ATS) એ રવિવારે વહેલી સવારે અહિલ્યાનગર અને યવતમાળ જિલ્લામાં સંકલિત સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું, જેમાં શંકાસ્પદ ઉગ્રવાદી પ્રવૃત્તિ અને સંભવિત કટ્ટરપંથી નેટવર્ક્સ અંગે ચોક્કસ ગુપ્ત માહિતી મળી હતી.

ઓપરેશન દરમિયાન, એજન્સીએ રોકડ, તીક્ષ્ણ હથિયારો અને ઇલેક્ટ્રોનિક ઉપકરણો જપ્ત કર્યા હતા, જ્યારે ઘણા લોકોની પૂછપરછ કરવામાં આવી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ATS ટીમોએ અહિલ્યાનગર જિલ્લામાં 12 સ્થળોએ શોધખોળ હાથ ધરી હતી. ઓપરેશન દરમિયાન, લગભગ 74 લાખ રૂપિયા રોકડ અને તીક્ષ્ણ હથિયારો મળી આવ્યા હતા.

ભિંગર કેમ્પ પોલીસ સ્ટેશનમાં બે શંકાસ્પદો સામે તીક્ષ્ણ હથિયારો રાખવા બદલ કેસ નોંધવામાં આવ્યો હતો. ફોરેન્સિક અને ટેકનિકલ તપાસ માટે ઘણા દસ્તાવેજો, મોબાઇલ ફોન, ઇલેક્ટ્રોનિક ઉપકરણો અને CCTV સાધનો પણ કબજે કરવામાં આવ્યા હતા. યવતમાળ જિલ્લામાં, પુસદ અને ઉમરખેડ વિસ્તારોમાંથી લગભગ 14 શંકાસ્પદોને સતત પૂછપરછ માટે લાવવામાં આવ્યા હતા.

# AFGHAN PAK CONFLICT

ડ્યુરન્ડ લાઇન પર સતત પાંચમા દિવસે અથડામણ થતાં અફઘાન દળોએ સરહદ પરની મુખ્ય પાકિસ્તાની લશ્કરી ચોકીઓ પર કબજો જમાવી લીધો છે. અફઘાનિસ્તાનના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે પાકિસ્તાની વાયુસેના દ્વારા અફઘાન ક્ષેત્રમાં તાજેતરમાં કરવામાં આવેલા હવાઈ હુમલાઓ બાદ તેના દળોએ પાકિસ્તાની ઠેકાણાઓ પર  વળતા હુમલા કર્યા હતા.

અફઘાન અધિકારીઓએ દાવો કર્યો હતો કે કંદહાર પ્રાંતમાં અનેક પાકિસ્તાની ચોકીઓ કબજે કરવામાં આવી છે, જેમાં સ્પિન બોલ્ડક જિલ્લામાં ત્રણ અને અલી-શેર જિલ્લામાં બેનો સમાવેશ થાય છે.

# CRUDE OIL- SHARP SPIKE

પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે પાછલા સત્રમાં તીવ્ર ઉછાળા પછી આજે ક્રૂડ ઓઇલના ભાવ સ્થિર રહ્યા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, શરૂઆતના વેપારમાં યુએસ ક્રૂડ ફ્યુચર્સ 1.4 ટકા વધીને 72.23 ડોલર પ્રતિ બેરલ થયા, જ્યારે બ્રેન્ટ ક્રૂડ લગભગ 1.9 ટકા વધીને 79.2 ડોલર પર ટ્રેડ થયું.

તેલ અને ગેસ સુવિધાઓ પર ઈરાનના વળતા હુમલાઓ બાદ અને વૈશ્વિક ઉર્જા શિપમેન્ટ માટે એક મુખ્ય માર્ગ એવા સ્ટ્રેટ ઓફ હોર્મુઝ દ્વારા સપ્લાય બંધ કરાતાં આ  વધારો થયો છે. વૈશ્વિક તેલ પ્રવાહનો લગભગ 20 ટકા પ્રવાહ બંધ કરાયેલા સ્ટ્રેટમાંથી પસાર થાય છે, જેમાં ભારતની ક્રૂડ આયાતનો 40 ટકાથી વધુનો સમાવેશ થાય છે.મોર્ગન સ્ટેનલીએ ચેતવણી આપી છે કે લાંબા સમય સુધી વિક્ષેપના કિસ્સામાં બ્રેન્ટ ક્રૂડ 120 ડોલર પ્રતિ બેરલને સ્પર્શી શકે છે.

# NEW. LUNAR ECLIPSE

વર્ષનુંપહેલું ચંદ્રગ્રહણ આજે જોવા મળશે. આ ખગોળીય ઘટનામાં ચંદ્ર પૃથ્વીની છાયાથી પસાર થઈને જમણેથી ડાબી તરફ ખસે છે. ભારતમાં, આ દુર્લભ ખગોળીય ઘટના બપોરે 3 વાગીને 20 મિનિટે શરૂ થઈ સાંજે 6 વાગીને 47 મિનિટે પૂર્ણ થશે. અવકાશ સંશોધન સાથે સંકળાયેલા લોકો અને ખગોળશાસ્ત્રીઓમાં આ ઘટનાને લઈને ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

જ્યોતિષશાસ્ત્ર અને ધાર્મિક દ્રષ્ટિએ આ ગ્રહણ પાળવામાં આવે છે.  દેશભરના મંદિરો આજે વહેલી સવારે મંગળા આરતી અને શરૂઆતના દર્શન બાદ બંધ કરાયા છે. જેને ગ્રહણનો વેધ પૂરો થતાં વિધિ અનુસાર પુન: ખોલાશે.